"યુવાકુ હિ સચીના, યુવાકુ સુમતીનામ"

# રાજ્ય શાળા સંચાલક મહામંડળ -ગુજરાત પ્રદેશ

ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ


સ્થાપના : ૧૫.૦૩.૨૦૨૪

| | | |
|---|---|---|
| શ્રી મનુભાઈ જી. રાવલ (અધ્યક્ષશ્રી)<br>મો. ૬૩૫૯૦૯૯૯૯૯ | શ્રી ડો. શંકરસિંહ રાણા (પ્રમુખશ્રી)<br>મો. ૯૦૯૯૯૫૧૪૯૯ | પ્રિ. ભાસ્કર પટેલ (અધ્યક્ષશ્રી)<br>રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક (મો. ૯૪૨૭૬૦૮૬૪૪) |

પ્રમુખશ્રીનું કાર્યાલય : અપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ, પીપળાવાળો વાસ, કુડાસણ, ગાંધીનગર

કાર્યાલય : ★ અરોમા હાયર સેકન્ડરી સ્કુલ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. (ઓ) ૦૭૯-૨૭૫૫૬૪૦૦ (મો) ૯૪૨૭૬૦૮૬૪૪

★ સુમતિ વિદ્યાલય, ચાણક્યપુરી, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧


જૂના શિક્ષક નોટીસ-પે

તા.૨૬/૦૪/૨૦૨૫

તારીખ : ______

પ્રતિ,

મા. ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબ,

મા.શિક્ષણમંત્રીશ્રી , કેબિનેટ

ગુજરાત રાજ્ય

ગાંધીનગર

વિષય :-જૂના શિક્ષક રાજીનામાં નોટિસ-પે સંદર્ભે રાજ્ય શાળા સંચાલક મહામંડળ- ગુજરાત પ્રદેશનો ખુલાસો.

સંદર્ભ :- [૧] રાષ્ટીય શૈક્ષિકસંઘનો તારીખ ૨૫/૦૪/૨૫ નો આપને સંબોધીને મીડિયામાં ફરતો પત્ર.

[૨] ગ્રાન્ટ-ઇન-એઈડ કોડની જોગવાઈઓ.

[૩]ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો- 1974.

માનનીયશ્રી ,

સાદર વંદન.

જય ભારત સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભે આપ સાહેબના ધ્યાન પર લાવવા માટે નિયમો અને કાયદાની જોગવાઈઓ નીચે મુજબ છે.

[૧] ગ્રાન્ટેડ શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ જે - તે ટ્રસ્ટના કર્મચારીઓ છે.

[૨] તેઓના પગાર અને નોકરીને રાજ્ય સરકારે રક્ષણ આપેલ છે.

[૩] ગ્રાન્ટેડ શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને માધ્યમિક શિક્ષણધારો -૧૯૭૨ ની કલમો , માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની કલમો અને જ્યાં ધારા કે વિનિયમમાં કોઈ જોગવાઈ ન કરી હોય ત્યાં ગ્રાન્ટ - ઈન- એઈડ કોડ લાગુ પાડવામાં આવેલ છે.

[૪] ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ -૧૯૭૨ ના અધિનિયમ ક્રમાંક : ૩૬ (૪) મુજબ ગ્રાન્ટેડ શાળાના કર્મચારીએ જે તે જિલ્લાના જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને રૂબરૂમાં રાજીનામું આપવું ફરજિયાત છે. અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની ગેરહાજરીમાં આપેલ કે લેવામાં આવેલ રાજીનામું બિન અસરકારક છે.

[૫] ગ્રાન્ટ- ઈન -એઈડ કોડ ૧૯૬૪ ની કલમ ૬૯.૧૫ તેમજ તેમાં થયેલ વખતો વખતના સુધારાનો નોટિસ - પે ગ્રાન્ટેડ શાળામાં ફરક બજાવતા અજમાયશી / કાયમી કર્મચારીઓ માટે કરવામાં આવેલ છે. જે મુજબ અજમાયશી કર્મચારીએ ૦૧ મહિનાની નોટિસ અથવા તો નોટિસ -પે. તે જ રીતે કાયમી કર્મચારીએ ૦૩ મહિના પહેલાં નોટિસ અથવા નોટિસ-પે મંડળમાં ભરવાની જોગવાઈ છે. મંડળ તે રકમ ચલણથી સરકારમાં જમા કરાવે છે.

જુના શિક્ષકના કિસ્સાઓમાં તેઓના રાજીનામાં મંજૂર કરીને જે - તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા કર્મચારીના ટ્રસ્ટ / મંડળને પાઠવવામાં આવતા પત્રમાં જે - તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગ્રાન્ટ- ઈન -એઈડ કોડ ૧૯૬૪ ની કલમ ૬૯.૧૫ નો લેખિત ઉલ્લેખ કરે છે. જે રેકોર્ડ ઉપરની બાબત છે.

[૭] રાજીનામું મંજૂર કાર્યના પત્રમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરેલ ગ્રાન્ટ- ઈન -એઈડ કોડ ૧૯૬૪ ની કલમ - ૬૯.૧૫ અન્વયે ગ્રાન્ટેડ શાળામાં ચલાવતા પ્રત્યેક ટ્રસ્ટ મંડળે નિયમ મુજબ પોતાની સંસ્થામાંથી છૂટા થતા જુના કર્મચારીને નોટિસ પે ભરવા માટે લેખિત જાણ કરવી ફરજીયાત છે. નોટિસ પે લેવો કે ના લેવો તે બાબત જે તે મંડળ / ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળને આધારિત છે. નોટિસ પે બાબતના પત્રનો જુના શિક્ષક સાથે લેખિતમાં પ્રત્યુતર આપતી વખતે જો મંડળને તે વિનંતી કરે કે :_____ "મારો નોટિસ -પે જતો કરી અને મને છૂટો કરવા વિનંતી ".આમ, લેખિત રજૂઆત ટ્રસ્ટીમંડળની બેઠકમાં મૂકીને જુના શિક્ષકમાં નોટિસ પે મંડળ માફ કરી શકે છે.

ઉપર જણાવેલ કાર્યવાહી ફરજિયાત છે કારણકે, ગ્રાન્ટેડ શાળાઓમાં ૦૪ તબક્કાના ઓડિટ થાય છે. (૧) ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવેલ ચાર્ટર્ડ એકાઉન્ટનું ઓડિટ (૨) ગ્રાન્ટ લેતા હોવાથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ઓડીટ શાખાનું ઓડિટ (૩) કમિશ્નર શાળાઓની કચેરી સંયુક્ત શિક્ષણ નિયામક ઓડીટ (૪) બ્રાન્ચ દ્વારા કરવામાં આવતું ઓડિટ અને છેલ્લે (૪) એકાઉન્ટન્ટ જનરલ (A.G) નું ઓડિટ.

સંસ્થામાંથી રાજીનામું આપીને છૂટા થયેલ કર્મચારીનો નિયમ મુજબ નોટિસ પે લેવામાં આવે છે કે કેમ ? લેવામાં આવે છે તો સરકારમાં ભર્યો છે કે કેમ ? લેવામાં આવેલ નથી તો તે માટેના કારણો ? આ બધી બાબતો ઑડિટ પારામાં આવે છે. તે વખતે સંસ્થાએ કાયમી કર્મચારીને નોટિસ પે ભરવા માટે આપેલ પત્ર / કર્મચારીએ નોટિસ પે જતો કરવા માટે કરેલ લેખિત વિનંતીનો પત્ર અને ટ્રસ્ટીં મંડળની મીટીંગમાં કર્મચારીનો નોટિસ પે જતો કરવાનો ઠરાવ. આ મહત્વના દસ્તાવેજ કોઇપણ સમયે ઓડિટ વખતે બતાવવા ફરજિયાત છે.

આમ, સંદર્ભ (૧) માં કરવામાં આવેલ રજૂઆત સંદર્ભે ખૂબ જ સ્પષ્ટ બાબત છે કે, કાયદાની જોગવાઈઓનું પાલન આવશ્યક છે અને જો તેનું પાલન ન કરવામાં આવે તો કાયદાના અર્થઘટન માટે કોર્ટ / કચેરીઓ સારી રીતે અર્થઘટન કરી આપતી હોય છે. તેવું અમારૂં નમ્રપણે માનવું છે..

નોંધ:- અમારા ટ્રસ્ટ / સોસાયટી હેઠળ ફરક બજાવતા વર્ષો જૂના અમારા પરિવારના સભ્યો પાસેથી નોટિસ પે લઈને સરકારમાં ભરવાના બદલે અમારા પરિવારના સભ્યના આશીર્વાદ લેવાનું રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના તમામ ટ્રસ્ટી મંડળો અને ટ્રસ્ટીઓ વિચારતા હોય છે અને આચરણમાં પણ મૂકેલ છે.જેની નોંધ લેવા વિનંતી.

આભાર સહ,.

| | | |
|---|---|---|
| શ્રી મનુભાઈ રાવલ | શ્રી ડો.શંકરસિંહ રાણા | પ્રિ.ભાસ્કર રા.પટેલ |
| અધ્યક્ષશ્રી, | પ્રમુખશ્રી , | અધ્યક્ષશ્રી, |

<u>નકલ સવિનય રવાના :-</u>

[૧] મા.પ્રફુલ્લભાઈ પાનસરિયા સાહેબ ,શિક્ષણમંત્રીશ્રી " રાજ્યકક્ષા" ,ગુજરાત રાજ્ય

[૨] મા., સચિવશ્રી , શિક્ષણવિભાગ , ગાંધીનગર

[૩] મા કમિશ્નરશ્રી , શાળાઓ, ગાંધીનગર

[૪] મા. તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ

" તુમ્હારી સોચકે ઢાંચેમેં ઢલ નહિ શકતા,
જબાન કાટલો , લહજા બદલ નહીં શકતા.
મુજે ભી મોમ કા પુતલા સમજ રહે હો ક્યા ?
તુમ્હારી લૌ સે કે લોહા પીગલ નહિ શકતા."
"ખરાબ વક્ત મેં ઈજ્જત રહે સંભ્હાલે હુએ,
કભી ન રખે જેબ મેં સિક્કે ,ઉછાલે હુએ."

અર્થ :- <u>લહજા – ભાષા , લૌ - જ્યોત , મોમ- મીણ</u>